# " જાહેર હરાજી "

## -: બિન ઉપયોગી વાહનોની (ટાટા સુમો) અને (એમ્બેસેડર) ની જાહેર હરાજી :-

નિયામક અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, બ્લૉક નં:-૧૪/૬ઠ્ઠો માળ, નવા સચિવાલય, ગાંધીનગર તરફથી જાહેર હરાજીથી વાહન વેચાણ કરવાના છે.

ફોન નં-૨૩૨ ૫૨૬૪૦

મો-૯૭૧૨૫૪૭૧૨૬

## -: જાહેર હરાજીની તારીખ-૧૫/૦૬/૨૦૧૮ :-

હરાજીનું સ્થળ: નિયામક અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, કમીટી રૂમ, બ્લૉક નં-૧૪/૬ઠ્ઠો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર

જાહેર હરાજીને લગતી તમામ માહિતી તથા શરતો સ્થળ ઉપર આપવામાં આવશે.

હરાજીનો સમય: ૧૩:00 કલાકે

હરાજીમાં ભાગ લેવા ઈચ્છનાર વ્યક્તિએ **તા.૧૪/ ૦૬/૨૦૧૮** સુધીમાં પ્રત્યેક વાહનદીઠ અલગ અલગ રૂ.૨૦,૦૦૦/- (રૂપિયા વીસ હજાર) ડીપોઝીટ પેટે મદદનીશ નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાને ડીમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવવાનાં રહેશે. (રોકડ સ્વીકારવામાં આવશે નહીં) ડીપોઝીટ ભરનાર ઈસમ સિવાય અન્ય કોઈપણ વ્યકિતને હરાજીનાં સ્થળે ઉપસ્થિત રહેવા પરવાનગી આપવામાં આવશે નહીં. વાહન જે વ્યકિત હરાજીથી ખરીદે તે સિવાયનાં તમામ ઈસમોને રકમ પરત કરવામાં આવશે. વાહનની અપસેટ કિંમત નીચે મુજબ છે:

| વાહન નંબર | અપસેટ કિંમત | મૉડેલ | ડીપોઝીટ |
|---|---|---|---|
| જીજે-૧૮-જી-૨૧૪૩ | ૫૦,૦૦૦/- | ટાટા સુમો (૨૦૦૭) | ૨૦,૦૦૦/- |
| જીજે-૧૮-જી-૨૧૭૨ | ૨૪,૦૦૦/- | એમ્બેસેડર કલાસીક (પેટ્રોલ+સીએનજી) (૨૦૦૭) | ૨૦,૦૦૦/- |

અપસેટ કિંમતથી નીચે કિંમત સ્વીકારવામાં આવશે નહીં. બન્ને વાહન માટે અલગ અલગ નાણાં જમા કરાવવાનાં રહેશે.

નાયબ નિયામક,
અન્ન અને નાગરિક પુરવઠા,
ગાંધીનગર

## -: વાહનોની જાહેર હરાજી :-

૧. નિયામક અન્ન અને નાગરિક પુરવઠા કચેરીના વાહન ટાટા સુમો ગાડી નં-જીજે-૧૮-જી-૨૧૪૩ તથા એમ્બેસેડર ગાડી નં:- જીજે-૧૮-જી-૨૧૭૨ જાહેર હરાજીથી વેચાણ માટે મુકવામાં આવેલ છે.

૨. આ વાહન યથાવત સ્થિતિમાં જાહેર હરાજીથી વેચવાની છે.

૩. જાહેર હરાજીની **તા. ૧૫/૦૬/૨૦૧૮ નાં રોજ બપોરે ૧૩:૦૦ કલાકે** રાખવામાં આવેલ છે.

## -: જાહેર હરાજીની શરતો :-

૧. જે ઈસમો વાહનો માટે હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ રૂ. ૨૦,૦૦૦/- નો હરાજીમાં નક્કી કરેલ તારીખ નાં આગળનાં દિવસ સુધીમાં મદદનીશ નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા કચેરીનાં નામનો પ્રત્યેક વાહન દીઠ અલગ અલગ ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવવાનો રહેશે (રોકડ રકમ સ્વીકારવામાં આવશે નહીં) અને કચેરીમાં જમા કરાવવાનો રહેશે તે સિવાયનાં ઈસમોને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં.

૨. બિન ઉપયોગી ટાટા સુમો તથા એમ્બેસેડર વાહન જે હાલતમાં છે તે હાલતમાં લઈ જવાની રહેશે. આ અંગે કોઈ વાંધા/દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

૩. હરાજીમાં ભાગ લેનાર ઈસમો દ્વારા બોલવામાં આવેલ બોલી જે તે બિન ઉપયોગી વાહનોને બારીકાઈથી નિરિક્ષણ કર્યા બાદ તથા દરેક ઈસમ પોતે શું ખરીદે છે. તે સમજી વિચારી બોલે છે. તેમ માનવામાં આવે છે. આ અંગેનો કોઈ પણ વાંધા અથવા દાવો ત્યારબાદ માન્ય રાખવામાં આવશે નહીં. ઉપરોક્ત શરતોમાં સમાવેશ થયેલ ન હોય તેવી બાબત અંગે સરકારશ્રીનાં વખતો વખતનાં નિયમો અમલમાં રહેશે અને બંધનકર્તા રહેશે.

૪. સૌથી ઉંચી બોલી બોલનાર ઈસમે બોલીની રકમનાં ૨૫ % સ્થળ ઉપર જ રોકડેથી ભરપાઈ કરવાનાં રહેશે. સ્વીકારેલ બોલીની રકમનાં ૨૫ % સ્થળ ઉપર જ રોકડેથી ભરપાઈ ન કરી શકનાર ઈસમની બાનાની રકમ જપ્ત કરવામાં આવશે.

૫. સક્ષમ અધિકારીશ્રી દ્વારા સ્વીકારવામાં આવેલ સૌથી ઉંચી બોલીની રકમ બાકી ૭૫ % તથા સેલટેક્ષ વેઈટની રકમ જે લાગુ પડે તે ભરવાની રહેશે.

૬. ઉંચી બોલી બોલનાર બાકીની રકમ દિન-૧૫ માં જમા કરવાની રહેશે. તેમ કરવામાં નહીં આવે તો ૨૫ % રકમ જપ્ત કરવામાં આવશે.

૭. સક્ષમ અધિકારીશ્રી કોઈપણ જાતનાં કારણો દર્શાવ્યા સિવાય વિના હરાજીની જાહેરાતમાં દર્શાવેલ બિન ઉપયોગી વાહનની હરાજી કરવા અથવા ન કરવા અંગેનાં પોતાનાં હક્ક અબાધિત રાખે છે.

૮. હરાજીમાં રાખેલ વાહનોની ડીલીવરી લેતી વખતે સરકારી માલ મિલકતને નુકશાન થશે તો તે અંગે ખરીદનાર ઈસમ જવાબદાર રહેશે. નુકશાન અંગે અંદાજીત ખર્ચની રકમ જે તે ખરીદનાર ઈસમે સંબંધિત અધિકારીશ્રીને રોકડેથી ચુકવવાનાં રહેશે.

૯. વાહનની પુરેપુરી રકમ ભર્યા બાદ અને આર.ટી.ઓ. બુકમાં નામ ટ્રાન્સફર કર્યા બાદ વાહનની ડીલીવરી આપવામાં આવશે.

૧૦. વાહન ખરીદનારે વાહનનો લાઈફટાઈમ ટેક્ષ અલગથી ભરવાનો રહેશે, ઉપરાંત નામ ટ્રાન્સફર ફી અને જીએસટી તથા નિયમ મુજબ લાગુ પડતા તમામ ટેક્ષ અલગથી ભરવાનો રહેશે.

પ્રતિ,
તમામ હાજર રહેલ ઈસમો